સદ્‌ગત મ. નથુભાઇ નેણસી ગ્રંથમાળા.

ઓ૩મ્

# આર્યસમાજ શું છે.

કર્તાઃ
લાલા રલ્લારામ.

અનુવાદકઃ
મોતીલાલ ત્રિ: દલાલ.

પ્રકાશકઃ
કાળિદાસ કુબેરદાસ પટેલ.
પુસ્તકાધ્યક્ષ.
મું. પ્ર. આ. પ્ર. સભા.
આર્યસમાજ, ગીરગામ – મુંબઇ.

આર્યસુધારક પ્રેસમાં મણિભાઇ મથુરભાઈ ગુપ્તે પ્રકાશકને
માટે છાપ્યું. તા. ૧–૮–૨૩,

સદ્‌ગત મ. નથુભાઈ નેણશી.



A. S. Press.—BARODA.

# પ્રસ્તાવના.

આવાં નાનાં પુસ્તકની પણ પ્રસ્તાવના હોય નહીં. છતાં એટલું કહેવાની જરૂર છે કે, ગુજરાતી સાહિત્યમાં આર્ય સમાજ શી વસ્તુ છે; તેના સિદ્ધાંતો, નિયમો આદિ શું છે તેનું યથાર્થ રીતે પરંતુ સંક્ષેપમાં દિગ્દર્શન કરાવનારા એક નાના ગ્રંથ ( tract-ટ્રેક્ટ ) ની ખાસ જરૂર હતી. આર્ય સમાજના સિદ્ધાંતો સંપૂર્ણ રીતે પ્રતિપાદન કરનારાં સ્વામી દયાનન્દનાં બે મુખ્ય પુસ્તકો-સત્યાર્થ પ્રકાશ તથા ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા-નાં ગુજરાતી ભાષાંતરો હાલમાં પ્રગટ થયાં છે. પરંતુ બધાજ કાંઇ તેવા મોટા ગ્રંથો તરત વાંચી નાંખતા નથી. તેમજ ઘણાને મોટાં પુસ્તકોનો અથથી ઇતિ પર્યંત અભ્યાસ કરવાનો સ્વાભાવિક અભાવ હોય છે અથવા તે પુરતો અવકાશ હોતો નથી. તેવા મનુષ્યોને સત્યાર્થપ્રકાશના એક ઉપસંહાર ( summary ) તરીકે આ લઘુ ગ્રંથ ખાસ આવકારદાયક થઇ પડવો જોઇએ. એટલુંજ નહીં પરંતુ ઘણા ભાઇઓને સ્વાર્થીઓ તથા દેશદ્રોહીઓના બહેકાવવાથી, અથવા તો બીજા કારણોથી આર્ય સમાજના સિદ્ધાંતો વિષે ઘણોજ ભૂલભરેલો વિચાર હોય છે. તેઓને સત્યથી થોડાજ પરિશ્રમમાં વાકેફગાર કરવાના મુખ્ય હેતુથીજ આ ઉપપુસ્તક રચવામાં આવ્યું છે. હમારો સંપુર્ણ વિશ્વાસ છે કે આ કારણોથી " આર્ય સમાજ શું છે ? " એ લઘુ પુસ્તક સર્વેને ઘણુંજ આવકારદાયક થઇ પડશે. અંગ્રેજીમાં તેના મૂળ કર્તા પંજાબ આર્ય પ્રતિનિધિ સભા તથા લાહોર આર્ય સમાજના પ્રમુખ, પ્રસિદ્ધ વિદ્વાન ગૃહસ્થ લાલા રલ્લારામ છે. અનુવાદ કરતાં તેમાં સહેજ નિર્જીવ વધઘટ કરવામાં આવી છે.

મો. ત્રિ. દ.

ओरम्

# આર્ય સમાજ શું છે?

## ૧—આર્ય સમાજની સ્થાપના કોણે કીધી ?

મહર્ષિ સ્વામી દયાનન્દ સરસ્વતીએ તેઓ સત્ય માર્ગદર્શક સર્વમાન્ય એવા વેદનો સમસ્ત આર્યાવ્રતમાં—કહો કે સમસ્ત ભૂગોલને માટે-પ્રચાર કરવા કટિબદ્ધ થયા ત્યારે તેઓ ચોથા—સન્યાસ—આશ્રમમાં પ્રવિષ્ટ થયા હતા. તેઓનો જન્મ સૌરાષ્ટ્ર ( સાંપ્રત કાઠીયાવાડ )માં આવેલા મોરબી રાજ્યમાં થયો હતો તેમના પિતા વર્ણે બ્રાહ્મણ હોઇ, ધનાઢ્ય તથા વગવસીલો ધરાવનાર હતા. ભગવાન ગૌતમ બુદ્ધની પેઠે, તેમણે પણ સંસારનો યુવાવસ્થામાંજ ત્યાગ કીધો હતો. પરંતુ બુદ્ધથી વિરૂદ્ધ તેઓ અખંડ બાળબ્રહ્મચારી હતા. તેઓ વીશ વર્ષના પણ થયા નહોતા એટલામાં તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. તેથી તેમણે સત્ય તથા જ્ઞાનના શોધ માટે કુટુંબસુખ તથા પુત્ર વત્સલ માતાપિતાનો પણ ત્યાગ કરી દીધો હતો. તેમણે પોતાના જીવનનાં મુખ્ય વર્ષો પુસ્તકો દ્વારા, વિદ્વાન શિક્ષકો દ્વારા તથા સ્વાનુભવ દ્વારા, સંસ્કૃત કે જે ભાષા સમસ્ત વિદ્યાવિલાસી દુન્યાની પ્રશંસાને પાત્ર થઇ પડી છે, તેમાં લખાયલાં ભારતવર્ષનાં પ્રાચીન વિદ્યારત્નો-વિજ્ઞાન, ફીલસુફી તથા ધર્મનાં અમૂલ્ય સિદ્ધાંતો-નું અધ્યયન કરવામાં ગાળ્યાં હતાં. તેઓએ અનેક વર્ષો ધ્યાનાવસ્થિત

થવામાં તથા યોગ કરવામાં વ્યતીત કીધા હતા, અને તે દરમીયાન પોતાના મનમાં ધર્મ અને વિજ્ઞાન (ફીલસુફી) સંબંધી સૌથી ગુંચવાયલા પ્રશ્નોનું ચિંતન તથા નિરાકરણ કીધું હતું. ચાળીસ વર્ષ જેટલી લાંબી મુદ્દતના અસ્ખલિત પરિશ્રમ પછી, આખરે સ્વામી દયાનન્દે વૈદિક ધર્મના તથા આર્યાવર્તના પ્રાચીન અને સત્યજ્ઞાનથી પ્રેરિત થયલા ઋષિ મુનિઓ કૃત ઉપનિષદ્, દર્શન આદિ ગ્રંથોના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે પ્રગટરૂપે બહાર પડવાનો પોતાના મનમાં નિશ્ચય કીધો હતો. દયાનન્દ સ્વામીની બુદ્ધિ અપૂર્વ હતી. તે હવે લગભગ સાર્વજનિક રીતે સ્વીકારવામાં આવે છે. તેઓ એક અસાધારણ યોગી હતા તે તેમના દુશ્મનોએ પણ સ્પષ્ટ રીતે સ્વીકાર્યું છે. વળી તેમના સમયમાં તો તેઓ એક અદ્વિતીય વૈયાકરણ હતા તે તો કાશીના પંડિતોને પણ સ્વીકારવાની ફરજ પડી હતી. કોઇ પણ વેદ તથા વેદ સંબંધી સાહિત્યમાં તેમના કરતાં વધારે પારંગત નહોતું તે કાશી ખાતેના શાસ્ત્રાર્થ વેળાએ તેમણે અચુક રીતે સિદ્ધ કરી આપ્યું હતું. તેઓએ આ દેશમાં અનેક સ્થળે જે શાસ્ત્રાર્થો કીધા છે અને જેમાં તેમને વિના અપવાદ વિજયજ મળ્યો છે તે ઉપરથી પણ નિશંક રીતે સાબીત થાય છે કે વાદવિવાદમાં પણ તેઓની કુશળતા અનુપમ હતી. તેમની ઉદ્યોગિતાની અમર સાબીતી તે તેમણે રચેલાં અનેક દળદાર પુસ્તકો છે. વિદ્યા તેમજ ભાષા સંબંધી તેમની વિદ્વત્તા, ધર્મના વિષયમાં તેમનો અખુટ ઉત્સાહ તથા પ્રેમ, સત્ય ઉપરની તેમની અમિશ્રિત ફીદાગીરી, તેમની પ્રામાણિકતા તથા તેમની દ્રઢતા-અને અંતમાં માનવજાતિ, અરે, પ્રાણિમાત્ર ઉપરની,

તેમની હાર્દિક તથા નિઃસ્વાર્થી પ્રીતિ—એ સઘળું પણ તેમના ગ્રંથોના અક્ષરે અક્ષર ઉપરથી પ્રત્યક્ષ જણાઇ આવે છે. સ્વદેશભક્તે જેવી રીતે પોતાની માતૃભૂમિ ઉપર પ્રીતિ રાખવી જોઇએ તેવીજ પ્રિતિ તેઓ આર્યાવ્રત ઉપર રાખતાજ હતા, છતાં તેઓના ધાર્મિક તથા વૈજ્ઞાનિક ( Philosophical ) સિદ્ધાંતો તો સાર્વલૌકિકજ હતા. તેઓની અભિલાષા તો એજ હતી કે દુનિયામાં એકજ ધર્મ સાર્વજનિક થઇ પડે. તેમણે એવી ભવિષ્યવાણી કીધી હતી કે તે ધર્મ તે વેદનો થઇ પડશે. આ મહાન પુરૂષનો જન્મ ઇ. સ. ૧૮૨૪ માં થઇને દેહાંત ૧૮૮૩ માં થયો હતો. તેમનું નિષ્પાપ જીવન તથા નિષ્કલંક વર્તન સર્વ વિચારવાન મનુષ્યો માટે ગંભીર રીતે અભ્યાસ કરવા યોગ્ય છે.

## ૨—પરમાત્મા વિષે સ્વામી દયાનન્દનો શું મત છે ?

સ્વામી દયાનન્દે જણાવ્યું હતું કે, “ સર્વોત્કૃષ્ટ હોવાથી તે બ્રહ્મ છે. તેજ સચ્ચિદાનન્દ સ્વરૂપ છે. તેમનાં ગુણ, કર્મ તથા સ્વભાવ, નિર્વિકારી હોઇ પવિત્ર છે. તે સર્વજ્ઞ, અશરીર. સર્વવ્યાપક, અજન્મા, અનન્ત, સર્વશકિતમાન, દયાલુ અને ન્યાયી છે. તે સર્વ જગતનો કર્ત્તા છે, અને તેજ તેનો ધર્તા તથા હર્તા પણ છે, તેજ જીવોને કર્માનુસાર ન્યાયાનુકૂલ ફલ પ્રદાન કરે છે. જેમાં આ તથા આવા બીજા અપૂર્વ ગુણો છે તેને હું પરમેશ્વર કહું છું. ”

આ પ્રમાણે સ્વામી દયાનન્દે વેદ પ્રમાણે વર્ણવેલો ઇશ્વર કાંઇ માયાવી વસ્તુ નહીં, પરંતુ વિશ્વનો સ્વતંત્ર વ્યકિતરૂપ શાસનકર્ત્તા છે-આટલુંજ

આપણે આપણા મનથી તેને વિષે કલ્પી શકીએ છીએ. તે પોતે આત્મામાં કેવો છે તે તો તેજ જાણી શકે. આત્મા સાથના તેના સંબંધ વિષે સ્વામી દયાનન્દ જણાવે છે કે, " તેઓ ( ઇશ્વર તથા આત્મા) બન્ને વસ્તુ રૂપે પૃથક છે, તથા ભિન્ન પડતા ગુણવાળા છે, પરંતુ તેઓને સ્પષ્ટ પૃથક્ પણ નહીં કહી શકાય, કારણ કે તેઓ વચ્ચે વ્યાપ્ય વ્યાપક-પોતામાં રાખનાર તથા તેમાં રહેનાર-નો સંબંધ છે, તેમજ કેટલાક ગુણો એકબીજાને મળતા આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો જેવી રીતે સાકાર વસ્તુનું ચિંતન આકાશથી પૃથક થઇ ન શકે તેમજ તેનાથી તે પૃથક ન કરી શકાય, તેમજ વળી આકાશનીજ તે પર્યાયવાચી ( સદૃશ રૂપ ) છે એમ પણ માની શકાય નહીં. તેથી હું ઇશ્વર અને આત્મા વચ્ચે વ્યાપ્ય વ્યાપકનો, ઉપાસ્ય ઉપાસકનો, પિતા પુત્રનો, તથા એવા પ્રકારનો સંબંધ છે એમ માનું છું." સ્વામીજી વધુ જણાવે છે કે, "બન્ને સ્વભાવથી ચિત્ ( જ્ઞાનવાન્ ) પવિત્ર, અમર આદિ છે. પરંતુ તેઓના કર્મના સંબંધમાં ભેદ છે. જગત્‌ની રચના, પાલન તથા સંહાર કરવાનું તથા પ્રાણીઓએ કરેલાં પાપપુણ્ય અનુસાર તેમને સુખદુઃખ આપવાં, એ કાર્ય પરમાત્માનું છે. પરંતુ પ્રજા ઉત્પત્તિ તથા તેનું પાલન, જ્ઞાનની પ્રાપ્તિ તથા તત્ત્વોના ગુણદોષોની શોધ, તથા બીજાં હદવાળાં કર્મો-ભલાં તેમજ બુરાં-એ આત્માનાં છે. અનન્ત જ્ઞાન, આનન્દ, સર્વશક્તિમત્તા આદિ ઇશ્વરના ગુણ છે. જીવાત્માના ગુણ આ પ્રમાણે છે:—

( ૧ ) ઇચ્છા, (૨) દ્વેષ, (૩) પ્રયત્ન, (૪) સુખ, (૫) દુઃખ, (૬) જ્ઞાન, (૭) પ્રાણ, (૮) અપાન, (૯) નિમેષ, (૧૦) ઉન્મેષ,

(૧૧) મનન, (૧૨) ગતિ, (૧૩) ઇંદ્રિય, (૧૪) અંતર્વિકાર, અર્થાત ક્ષુધા, તૃષા, ઉત્સાહ, નિરાશા આદિ હોવાં.

## ૩—પ્રકૃતિ વિષે સ્વામિ દયાનન્દે શું શીખવ્યું ?

તેમણે જણાવ્યું કે, "જગત્‌ના ઉપાદાન કારણરૂપ પ્રકૃતિ ૧ સત્વ (તેજ, શાંતિ તથા ઉત્તમતા) ૨—રજ (કામ, જાગૃતિ, અશુદ્ધતા તથા વિહ્‌વળતા) તથા ૩—તમસ, (અજ્ઞાન, અંધકાર, ભ્રમ તથા સ્થૂલતા), એ ત્રણ સમતોલ અવસ્થામાં રહેલા ગુણોની બની છે. તે ગુણો તથા કર્મો સંયોગથી ઉત્પન્ન થાય છે, તથા વિયોગથી નષ્ટ થાય છે. પરંતુ જે સામર્થ્યના પ્રભાવથી તે પ્રથમ ઉત્પન્ન થાય છે તે સામર્થ્ય તેનામાં અનાદિ છે, અને તે વડેજ ફરીથી સંયોગ થશે, તથા વિયોગ પણ થશે. તે ત્રણેને હું "પ્રવાહથી અનાદિ માનું છું." "જે પૃથક્ દ્રવ્યોનો સંબંધ જ્ઞાનયુકિતપૂર્વક રચવામાં આવ્યો હોય તથા તેના અનેક સ્વરૂપો બન્યા હોય તે **સૃષ્ટિ** છે." "સૃષ્ટિનું પ્રયોજન એજ છે કે જેથી સૃષ્ટિ નિમિત ગુણકર્મ સ્વભાવનું સાફલ્ય થાય. દ્રષ્ટાંત તરીકે જો કોઇ એમ પુછે કે નેત્રનું પ્રયોજન શું ? તો તેનો એજ જવાબ મળશે કે 'જોવા માટે.' તેવીજ રીતે સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં ઇશ્વરના સામર્થ્યની સફળતા સૃષ્ટિ કરવાના રૂપમાં તેમજ જીવાત્માઓનાં કર્મોનો યથાવત્ ભોગ કરવા આદિમાં પણ છે,' "સૃષ્ટિ સકર્તૃક છે, અર્થાત તેનો કર્તા પુર્વોકત ઇશ્વર છે. કોઇ નથી એમ નથી, કારણ કે સૃષ્ટિની રચના જોઇને તથા જડ પદાર્થમાં પોતામાં બીજાદિ સ્વરૂપ પોતાની મેળે બનવાની શકિત ન હોવાથી, સૃષ્ટિનો કર્તા અવશ્ય છે.

## ૪—સ્વામી દયાનન્દે મોક્ષ વિષે શું શીખવ્યું ?

સ્વામી દયાનન્દ જણાવે છે કે મુકિતનો અર્થ યોગ્ય કર્મો કરવાથી સર્વ દુઃખોમાંથી છુટીને બન્ધનરહિત સર્વવ્યાપક ઇશ્વર તથા તેની સૃષ્ટિમાં સ્વેચ્છાપૂર્વક વિચરવું તથા નિયત સમય પર્યંત મુકિતના આનન્દને ભોગવીને પાછું સંસારમાં આવવું. તેઓ જીવનમુકિત પણ માનતા હતા. બ્રહ્મમાં લય થઇ જવાનો માનવામાં આવતો મોક્ષ તો તેઓ આત્મઘાત વા આત્મનાશ માનતા. સ્વજ્ઞાનશૂન્યતા તથા આત્માની અજાગૃતિ, એ તેમના મનથી આત્મનાશજ હતો. વિવેક કરવાની તથા સ્મરણ કરવાની શકિતઓ સહિતની સંપૂર્ણ જાગૃત અવસ્થા, પરમાત્માના વિશ્વમાં સ્વેચ્છાનુસાર વિચરવાની સ્વતંત્રતા, પવિત્રકારિણી ઇચ્છાઓની તૃપ્તિ, પ્રત્યેક હલકી અને ખરાબ વસ્તુની બાધના કોઇપણ પ્રકારની તંગીની ગેરહાજરી. અને બીજા શબ્દોમાં કહીએ તો નૈતિક તેમજ માનસિક શકિતઓની અશરીરી જીવનમાં થયેલી સંપૂર્ણ પ્રાપ્તિની અવસ્થા તે મોક્ષ છે. એક હદવાળા પ્રાણિનાં હદવાળાં કાર્યોનાં પરિણામ અથવા બદલા તરીકેજ મોક્ષ મળ્યાથી તે પણ અનહદ સમય સુધી હોઇ શકે નહીં. તે કારણથી મુકત જીવે નિયત સમય પછી જન્મમરણના ચક્રમાં પાછું આવવુંજ જોઇએ.

## ૫—પૂજા વિષે સ્વામી દયાનંદે શું શીખવ્યું ?

ઉપર જણાવ્યા પ્રમાણે તેમણે જણાવ્યું હતું કે “કેવળ ઇશ્વરજ ઉપાસ્ય છે.” પૂજાનો અર્થ તેઓ પ્રાર્થના કરતા કે જેમાં તેના ગુણા-

નુવાદ ગાવામાં આવે. તથા તેના ગુણ કર્મ સ્વભાવ ઉપર ધ્યાન
તે વર્ણવવામાં આવે. તે સઘળું ઇશ્વર પૂજાની અંતર્ગત છે.
વધારે વ્યાવહારિક ઉપાસના તે ઇશ્વરની પવિત્રતા આદિ સદ્‌ગુણ
અનુકરણ કરવાનો પ્રયાસ છે. સ્વામીજીએ જણાવ્યું હતું કે,
પરમાત્મા તેના પોતાના આત્મમાં કેવો છે તે અચિન્ત્ય છે તો પણ
મનુષ્યાદિના સંબંધમાં તથા અપેક્ષાથી કેવો છે તે જાણી શકાય
તે ઉપર ધ્યાન પણ ધરી શકાય. આ ધ્યાન ધારણ કરવાની નિર્ગુ
ઉપાસના તથા બીજી તે સગુણ ઉપાસના છે. જડ મૂર્તિઓ
ઇશ્વરોપાસના કરવી એ તેમણે ઇશ્વરને અપમાન કરવા બરોબર મા
છે. તેમનું મન્તવ્ય એવું હતું કે ઇશ્વરાવતાર માનવો એ તેની સ
શક્તિમત્તા ઉપર આક્ષેપ લાવવા બરોબર હતું, તથા તેની અને તે
પ્રજા વચ્ચે કોઇ તૃતિય મધ્યસ્થનું આરોપણ કરવું એ તેની સંપૂ
ન્યાયશીલતા તથા નિષ્પક્ષપાતશીલતા ઉપર દોષ લાવવા બરોબર
તેની સંપૂર્ણ ન્યાયશિલતા એ તેની પીતાતુલ્ય દયાલુતાનું બીજું નામ
છે. ખરેખરો દયાલુ પિતા આડે માર્ગે જનારાં પોતાનાં સંતાનો ઉપર
કદિ છુટ મેલતો નથી. તે પિતા તેઓના કર્મોનું ફળ તેમને સંપૂર્ણ
રીતે ભોગવવા દઇને તેમના અપરાધથી તેમને જ્ઞાત કરીને ખરે માર્ગે
લઇ જાય છે. તે તેઓને સુધારવાને હરકોઇ લાડ કરી આપે છે પણ
તેઓ જે પણ માર્ગમાં જવા ચાહે ત્યાં તેમને તે નિરંકુશ રીતે જવા
દે છે. માત્ર તેનું પરિણામ શું આવશે તે વિષે તેઓની આંખ તે
ખોલે છે. તેજ પ્રમાણે, ઇશ્વરની સૃષ્ટિમાં પણ મનુષ્યો કર્મ કરવાને
સ્વતંત્ર છે પરંતુ સારાં માઠાં કર્મ અનુસાર તેનાં ફળ ભોગવવામાં

પરતંત્ર છે. ઉપર જણાવ્યા પ્રમાણે સ્વામીજી એમજ માનતા હતા કે પ્રાણિ માત્ર જન્મ મરણને હમેશાં પ્રાપ્ત થયા કરે છે, અને તે કારણ-થી " મનુષ્યની કર્મ કરવાની સ્વતંત્રતા તેના આ અથવા આગલા જન્મના કર્મના પ્રમાણમાં ઓછી વધતી હોય છે. આગલાં કર્મોના સંસ્કારો આત્મા ઉપર પડે છે, અને તે પ્રમાણે તેના સ્વભાવમાં ફેરફાર થાય છે, તથા તેની ઇચ્છાની સ્વતંત્રતાની વચમાં આવે છે, અને જ્યાં સુધી તે પોતાનું વર્તન સુધારતો નથી, તથા આત્મા ઉપર પડેલા કુસંસ્કારો દૂર નથી કરતો ત્યાં સુધી તેમ ચાલે છે. આત્મા તો તેના અસલ પવિત્ર સ્વરૂપમાંજ સ્વતંત્ર છે. પરંતુ આત્માની અપવિત્રતાનો ગમે તેટલો અંશ હોય, તેની અધોગતી ગમે તેટલી હોય તે છતાં પણ તે સ્થિતિ સુધારવાની તેનામાં સ્વાભાવિક શકિત છે. તેનામાં તે ફેર-વવાની શકિત છે. તેનું તેને જ્ઞાન પણ છે. ઇચ્છાની સ્વતંત્રતાનો તેમજ પુનર્જન્મના સિદ્ધાંત પ્રમાણે પ્રારબ્ધનો અર્થ સ્વામીજીએ આ પ્રમાણે કર્યો છે. પુનર્જન્મનો સિદ્ધાંત એજ છે કે જેવું કરશો તેવું પામશો ". આ નિયમનો એક પણ અપવાદ નથી

## ૬—ધર્મ વિષે સ્વામી દયાનંદે શું શીખવ્યું હતું ?

તેમણે જણાવ્યું છે કે, જે નીષ્પક્ષપાતરહિત ન્યાયાચરણ, સત્ય-ભાષાદિયુકત ઇશ્વરાજ્ઞા વેદોથી અવિરૂદ્ધ છે તે ધર્મ તથા જે પક્ષપાત સહિત અન્યાયાચરણ, મિથ્યા ભાષણ આદિ ઇશ્વરાજ્ઞાનો ભંગ વેદ વિરૂદ્ધ છે તેને અધર્મ માનુ છું.

## ૭—સ્વામીજી જ્ઞાતિનો અર્થ શું કરતા હતા ?

સ્વામી દયાનંદના મન્તવ્ય પ્રમાણે વર્ણ ગુણ પ્રમાણે છે અને નહી કે જન્મ પ્રમાણે. મનુષ્યના વર્તમાન જન્મના તેના કર્મના યોગ્ય બદલા તરીકે જે ન પ્રાપ્ત થયું હોય તેના ઉપર તેઓ વર્ણનો આધાર રાખતા નહોતા. પરંતુ સ્વામી દયાનન્દે ખાસ સંયોગો વચ્ચે થતા જન્મ તથા માતાપિતાના ગુણ બાળકમાં આવવાના કુદરતી નિયમનો અસ્વીકાર નહોતો કીધો, તેથીજ તેમણે બાળકને માતાપિતાની વર્ણ આપી હતી. પરંતુ યુવાન મનુષ્યને નહીં. બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલું બાળક જન્મ પરત્વે બ્રાહ્મણ તરીકે તરતને માટે સ્વીકારી શકાય, પરંતુ તે માન્યતા કેવળ બાલ્યાવસ્થા પર્યંત જ ચાલશે જ્યારે બાળક પ્રૌઢ વયનું થાય ત્યારે તેણે પોતાનું બ્રાહ્મણત્વ અર્થાત્ વર્ણનું શ્રેષ્ઠપણું બ્રાહ્મણની પંકિતમાં ચાલુ રહેવા માટે પોતાના કર્મથી સિદ્ધ કરવું જોઇએ. જો જે વર્ણમાં તેણે જન્મ લીધો તે વર્ણથી વિરૂદ્ધ તેનું વર્તન હોય તો તેની વર્ણ તે કર્મને અનુકૂળ બદલાશે. જો તેનાં ગુણકર્મ ઉતરતી પંક્તિનાં હોય તો તે ઉતરતી પંકિતની વર્ણમાં ગણાશે. બીજા હાથ ઉપર જો તેનાં કર્મ ચઢીયાતી વર્ણના જેવાં હોય તો તેનાં ગુણ કર્માનુસાર તે ચઢીયાતી વર્ણમાં અંગીકાર કરવામાં આવશે. ટુંકમાં કહીએ તો મનુષ્યનાં ગુણકર્મ એજ તેની વર્ણ છે. જે મનુષ્ય ઉચ્ચ વર્ણના કુળનો જ નહીં પરંતુ ઉચ્ચ કર્મ કરનાર પણ હોય છે તે બેશક કેવળ ઉચ્ચ કર્મ કરનાર કરતાં ચઢી. યાતો છે. પરંતુ કેવળ ઉચ્ચ કુળમાં જન્મ વ્યર્થ છે. જ્યારે ઉતરતા કુળમાં જન્મ પામનાર જો ઉચ્ચ કર્મ કરે તો તે અતિ વિશેષ છે.

માં કહીએ તો ઉચ્ચ વર્ણના કુળમાં જન્મ થવો એ બાળકને લાભ છે, અને પ્રૌઢ વયના મનુષ્યને તો તે એટલાજ અંશમાં ઉપયોગી છે કે જેટલા અંશમાં તે ઉત્તમ કર્મ કરવાની તેને સવડ મળે છે તેમ તેનાં ખરાબ કર્મ કરવાનાં આકર્ષણો પણ છે.

સ્વામી દયાનન્દે જણાવ્યું છે કે, મનુષ્યોના ચાર વર્ણ વિભાગ બીલકુલ કુદરતી છે. મનુષ્યનો સંસાર વધતા અથવા ઓછા અંશમાં આ રીતે વિભક્ત થવોજ જોઇએ. આ કુદરતી વિભાગમાં પ્રથમ પંક્તિ માનસિક અથવા નૈતિક જાગૃતિવાળા વિભાગને આપવામાં આવી છે. બીજી શારીરિક તથા બાહુના બળ તથા અન્ય વીર્યવાન્ ગુણોને આપવામાં આવી છે. ત્રીજી પંક્તિ સાહસ તથા ઉદ્યોગના વ્યાપારને અર્થની ઉત્પતિ તથા સંગ્રહ તથા સંસાર ચલાવવાનાં એવાં બીજાં અનિવાર્ય સાધનોને. મનુષ્યના સાંસારિક અર્થશાસ્ત્ર ( Social Economy )માં તાથી કનિષ્ટ પંક્તિ બુદ્ધિહીન પરિશ્રમ માટે છે. અંતિમ પણ બીજા જેટલીજ અનિવાર્ય છે. પરંતુ તેની પંક્તિ યોગ્યજ છે. મનુષ્યોના આ પ્રમાણે ચાર વિભાગો—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, તથા શુદ્ર—પ્રત્યેક પ્રજામાં મળી આવશે, જો કે તેનાં નામ આ નહીં હોય. એક સ્થળે તેનાં બંધન ઘણાં સખ્ત હોવાનો તથા અન્ય સ્થળે તે ઘણાં શિથિલ હોવાનો સંભવ છે. તેમજ દરેક વિભાગ વચ્ચેનો ભેદ સરખી સ્પષ્ટ રીતે પાડવામાં ન આવ્યો હોય એ પણ સંભવિત છે. પણ આ ચારે વિભાગો લગભગ દરેક સ્થળે છે તે વિષે સ્વામી દયાનન્દની ખાતરી હતી. એ શીવાયના બીજા કોઇપણ જ્ઞાતિભેદ સ્વામી દયાનન્દ માનતા નહોતા.

## ૯—સ્વામી દયાનંદ ઇશ્વરદત્ત જ્ઞાન માનતા હતા તો તે શાને તેવું જ્ઞાન માનતા હતા?—

### હીંદુશાસ્ત્રો વિષે તેમનો શું અભિપ્રાય હતો?

સ્વામી દયાનન્દ ચાર વેદ-ઋક્, યજુ, સામ અને અથર્વ વેદ સંહિતાઓ-નો મંત્રભાગ કે જે સત્ય જ્ઞાનનાં શાસ્ત્રો તથા અચુક છે એમ સ્વામીજી માનતા તેનેજ ઇશ્વરકૃત માનતા. વેદ સૂર્યની પેઠે વિચંપ્રકાશ છે. વેદ માટે " કશી સાબીતીની જરૂર નથી. કોઇ બીજા સ્થળેથી તેની સત્તાને ટેકો જોઇતો નથી-જેમ સૂર્યના પ્રકાશજ તેના પ્રકાશની સાબીતી છે તેમજ વેદ વિષે છે. " ( મૅકસમ્યુલર, પદ્દર્શન શાસ્ત્રોનુંદોહન. પૃષ્ટ ૧૯૫ ) ભટ્ટ મૅકસમ્યુલરના આ શબ્દો કે જે પ્રાચીન ઋષિઓની માન્યતા યથાર્થ રીતે દર્શાવે છે તે સ્વામી દયાનન્દના વેદ સંબંધી મન્તવ્યને ઘણી સુંદર રીતે પુષ્ટ કરે છે.

સ્વામીજીના મત પ્રમાણે બીજાં સમસ્ત પુસ્તકો માટે વેદનું પ્રમાણ હોવું જોઇએ. તેમણે ૧૮ પુરાણો વગેરે હિંદુશાસ્ત્રોને બીલકુલ પ્રમાણ માન્યા નથી. વેદમંત્રોના અર્થ કરવાના સંબંધમાં તેમણે વેદાંગો તથા ઉપાંગોના આશ્રય લીધો હતો, અને વેદ ઇશ્વરકૃત હોઇ તે જ્ઞાન તથા ડહાપણના ભંડારરૂપ હોવાથી, તે મંત્રોના તેમણે બુદ્ધિપુર્વક અર્થ કીધા હતા. મહાભારતના ઉત્તર ભાગના લોકો કરતાં, તેની પુર્વેના ઋષિઓ વેદની ઘણી વિશેષ સમીપ હતા, તેથી સ્વામીજીએ તેમનાજ ગ્રંથોનો આધાર લીધો હતો, અને પ્રમાણમાં

આધુનિક કાળમાં તેમની કરવામાં આવેલી નકલો સ્વીકારી નહોતી. પરંતુ વેદમંત્રોના અર્થ કેવી રીતે કરવા તે વિષે એક જુદુંજ પુસ્તક હોવાની જરૂર છે.

**૯—સ્વામી દયાનન્દ દેવતા તથા પિતૃઓ અને શ્રાદ્ધાદિક ક્રિયાઓ શું માનતા હતા? ગંગાના સ્નાનનો લાભ તથા પ્રાચીન તીર્થો તથા દેવતાઓનાં બીજાં પ્રસિદ્ધ સ્થળો તથા અન્ય પવિત્ર ભૂમિઓનાં દર્શનનો કાંઇ લાભ તેઓ માનતા હતા?**

આ ગૃહ (પૃથ્વી) ઉપરજ પ્રાણિઓ છે એમ જો કે સ્વામીજી કહેતા નહોતા, તોપણ તેમના મત મુજબ દેવતાઓ મનુષ્યોજ હતા, અને તેઓ પોતાની વિદ્વતા તથા પવિત્રતાને લીધે સાધારણ મનુષ્યોથી શ્રેષ્ટ હતા તે કારણથી દેવ પૂજાનો અર્થ વિદ્વાનો કે જેમનો સત્કાર થવો જોઇએ તેમની સેવા શુશ્રુષા એવો છે. દેવતા શબ્દ સૂર્ય ચંદ્ર આદિ જડ પદાર્થોને પણ તેમનાં પ્રકાશ આદિ લાભદાયી ગુણોને લીધે લગાડવામાં આવતો. કુદરતી વસ્તુઓ અને કુદરતી શક્તિઓ મનુષ્ય જાતિના ઉપયોગ માટેજ નિર્માણ છે. તેની બીજી કાંઇ પૂજા નથી. ખ્રીસ્તી તથા મુસલમાન ધર્મમાં આવતા ફરીસ્તાઓ તથા સેતાન જેવી કોઇ સત્ય વસ્તુજ નહોતી.

પિતૃ શબ્દ જીવતા તેમજ મરેલા પૂર્વજોના સંબંધમાં લાગુ પાડી શકાય. પરંતુ શ્રાદ્ધ-ભોજન, વસ્ત્રાદિનું દાન-કેવળ જીવતાનેજ અને નહીં કે મરેલાને કરી શકાય. વિદ્વાન્ બ્રાહ્મણોને તેમજ બીજાઓને

મરેલાઓના સ્મરણમાં દાન થઇ શકે, પરંતુ તે દાનનો લાભ ગ્રહિતાને થાય છે, નહીં કે મૃત પૂર્વજોના આત્માને.

આ કારણથી મૃતક શ્રાદ્ધની ક્રિયા તેમજ મરણ પછીની ઉત્તર-ક્રિયાઓ પણ સ્વામી દયાનન્દના મન્તવ્ય પ્રમાણે બેહુદી છે. વેદ જણાવે છે કે અગ્નિને શબ અર્પણ કીધા પછી શરીરનો અંત આવી જાય છે, અને તેની ભસ્મ કોઇ સગવડ ભરેલે સ્થળે રાખવા ઉપરાંત કાંઇ વધુ કરવાનું રહેતું નથી.

ગંગા અને બીજી નદીઓ, સરોવરો, પર્વતની ગુફાઓ, તથા હીંદુઓના તીર્થનાં બીજાં સ્થાનોને જો પવિત્ર ગણીએ તો પણ તે એટલા માટેજ કે તે ઐતિહાસિક સંબંધ ધરાવે છે. ત્યાં પ્રાચીન સમયમાં પવિત્ર મહાત્માઓનો નિવાસ હતો, અને ત્યાંજ તેઓ ચિંતન કરતા. તે તીર્થોમાં પોતામાં કાંઇ પવિત્રતા નથી, તેમજ તેમાં કાંઇ અપવિત્રતા પણ નથી. આમાંનાં કેટલાંક નામ ધારી પવિત્ર તીર્થો તો પુણ્યને બદલે પાપનાં નિવાસ-સ્થાનો છે. અને તે કારણથી ત્યાં જવાને બદલે તેનો ત્યાગ કરવો જોઇએ.

## ૧૭—બીજા ધર્મો અને ખાસ કરીને હીંદુઓના અનેક પંથોના સંબંધમાં સ્વામીજીની વલણ કેવી હતી?

સ્વામી દયાનન્દ અસત્યના એવાજ કટ્ટર દુશ્મન હતા કે જેવા દૃઢ મિત્ર તેઓ સત્યના હતા. તેઓ એમ માનતા કે સત્ય જ્યાંથી પણ મળે ત્યાંથી ગ્રહણ કરવું.

પરંતુ જો અસત્ય પોતાના સ્વદેશીઓમાં પણ જોવામાં આવે તો તેનો ત્યાગ કરી ખંડન કરવું. ખોટાનું ખંડન કરવામાં પર-ધર્મ તથા હીંદુ ધર્મો વચ્ચે તેમણે કાંઇ ભેદ રાખ્યો નહોતો. તેઓ આ દેશ પ્રત્યેની પોતાની ફરજ સંપૂર્ણ રીતે સમજતા હતા, પરંતુ તેથી કાંઇ તેઓ પોતાના સ્વદેશીઓની ભૂલો ખુલ્લી રીતે ઉઘાડી પાડવામાં પાછળ હઠતા નહીં. હીંદુઓની ભુલોનું પણ મુસલમાનો તેમજ ખ્રીસ્તીઓની ભૂલોની માફકજ જોશભેર ખંડન તેઓ કરતા. ધાર્મિક વિષયો ઉપરના જે વિચારકો અને લેખકો સ્પષ્ટ કહેનારા હતા તેઓમાંના એક સ્વામી દયાનન્દ હતા, અને તેઓ એવા વજ્ર પ્રહારો કરતા તથા માર્મિક સ્થાનોમાં તીવ્ર ઘા કરતા કે જે માટે ઘણું રૂદન કરવામાં તથા નિષ્ફળ વાંધાઓ દર્શાવવામાં આવતા. તેમનો અભિપ્રાય એવો હતો કે જે ગંભીર ભૂલો ઉંડાણમાં પેઠેલી હોય તે માટે ચાંપતા ઉપાયો લેવા જોઇએ, તેમજ તે ખુલ્લી ઉઘાડી પાડવી જોઇએ: નહીં તો રોગિષ્ટ શરીર આરોગી કરવા માટે, તેમાં ઘુસી ગયલો બાહ્ય પદાર્થ ખસેડવાનો સંભવ રહેતો નથી. આમ છતાં સ્વામી દયાનન્દને કોઇ પણ ધર્મ અથવા પંથ ઉપર અંગત દ્વેષ નહોતો, અને તેઓ અંતઃકરણથી નાત, જાત અથવા દેશનો કાંઇપણ ભેદ ન રાખતાં બધાનું જ શ્રેય ચાહતા. તેમના મન્તવ્ય પ્રમાણે દુન્યામાં જોવામાં આવતાં દુઃખનું કારણ અજ્ઞાનીઓનું અજ્ઞાન માત્ર નહીં પરંતુ જ્ઞાનીઓની વિપરીતતા તથા દુરાગ્રહ હતો. તે જણાવે છે કે મનુષ્ય મનનશીલ અર્થાત્ સત્ય

માનનાર છે. તેના સ્વભાવ અનુસાર તેણે પોતાના જાતભાઇઓ ઉપ પડતાં સુખ દુઃખ જાણે પોતા ઉપરજ પડતાં હોય તેમ ગણવું. સત્ય અને ન્યાયનું પોતે ગમે તેવી નબળી સ્થિતિમાં હોવા છતાં રક્ષણ કરવામાં, અન્યાયનો ધ્વંસ કરવામાં તથા અસત્યને સ્થાને સત્યનું આરોપણ કરવામાં—જરુર પડે તો શારીરિક બળ વડે પણ જો જીંદગીનું પણ બલિદાન આપવાનું હોય તો, ધીર મનુષ્યો તેમાં પણ પાછી પાની કરતા નથી, પરંતુ આનન્દથી માનવ સેવા ખાતર પોતાનું શરીર અર્પણ કરે છે. સ્વામી દયાનન્દનો પોતાના સ્વદેશીઓને તથા સમસ્ત સૃષ્ટી ઉપરની સર્વ પ્રજાઓ તથા ધર્મોના વિદ્વાનોને એજ ઉપદેશ હતો. ધર્મને ખાતર મરણ પામીને તેમણે પોતાનું આ મન્તવ્ય તેઓ અંતઃકરણથી માનતા હતા તેની સાબીતી આપી હતી. એક દેશી રાજ્યમાં વેદધર્મનો તેના રાજા તથા પ્રજાને ઉપદેશ કરવા તેઓ ગયા ત્યારે તેમને વિષ આપવામાં આવ્યું હતું. અને તેની અસરથી તેઓ અંતે મરણ પામ્યા હતા. આવી રીતે સ્વામી દયાનન્દે આર્યસમાજ રુપી નાજુક બીજ કે જેનું તેમણે પોતાના અંતિમ શ્વાસ પર્યંત રુધિરથી સિંચન કીધું હતું, તે આવા મહા પુરુષનું કાર્ય હોવાથી જીવિત રહીને વૃદ્ધિ પામ્યા વિના રહેજ નહીં.

## ૧૧—તેમણે જે મંડળ સ્થાપ્યું તે માટે, તેમણે કાંઇ સિદ્ધાંત નિર્માણ કીધા હતા?

સ્વામી દયાનન્દે આર્ય સમાજના નિમ્ન લિખિત દશ નિયમો

...મા હતા. આર્ય સમાજના વૈદિક સિદ્ધાંતો તથા માન્યતાઓ, આરંભમાં તેમાં પ્રવેશ થવા ઇચ્છનાર એકદમ સ્વીકારવાનો સંભવ થોડો. તે કારણથી સમાજમાં દાખલ કરવા પૂર્વે તેને આ સામાન્ય નિયમો સ્વિકારવાનીજ માગણી કરવામાં આવે છે. એવી આશા રાખવામાં આવે છે કે સમાજમાં દાખલ થઇ તે પોતાની સમજ-શકિત પ્રમાણે આર્ય સમાજના સમસ્ત શિક્ષણના સત્યનું અવ-લોકન કરશે.

## આર્ય સમાજ ( વૈદિક મંદિર ) ના નિયમો.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરુપ, નિરાકાર, સર્વશકિતમાન, ન્યાય-કારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વા-ધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટીકર્તા છે, એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવું, અને સાંભળવું સંભળાવવું, એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સભા ( સમાજ ) નો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ, પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

# ભાગ ૨ જો.

## ૬ આર્ય સમાજે અત્યાર સુધીમાં શું કીધું છે ?

આપણા વિચારવંત સ્વદેશીઓ તરફથી આર્ય સમાજને જે માટે સૌથી વધુ ધન્યવાદ આપવો ઘટે છે તે તેણે **એક પરમાત્માની** પૂજા પ્રચલિત કીધી તે છે. સ્વામી દયાનંદ હંમેશાં કહેતા કે, પત્થર આદિ જડ વસ્તુઓની ઉપાસનાથી હીંદુઓ પોતાના ઉપાસિત જેવાજ થઇ ગયા હતા. એ સ્મરણ રાખવું કે, પૂજા એ પૂજકની માનસિક તથા નૈતિક સ્થિતિનું એક યથાર્થ દર્શક ચિહ્ન છે. એકજ પરમાત્માની પૂજા પુષ્કળ માનસિક ઉન્નતિ તથા ઉચ્ચ નૈતિક ખીલવણી બતાવી આપે છે. એકેશ્વરવાદ ગ્રહણ કરવા માટે પુષ્કળ માનસિક બળ આવશ્યક છે. એકેશ્વરવાદાત્મક માન્યતાને અનુકૂળ ઉચ્ચ મનોભાવો અમલમાં મુકવા માટે, માનસિક ભાવનાઓ પણ ઘણી ખીલવણી પામેલી હોવી આવશ્યક છે. એક વનવાસી જંગલી કે જે અવિગત માનસિક તથા નૈતિક સ્થિતિમાં હોય. પછી તે મધ્ય આફ્રીકા અથવા યુરોપમાં નિવાસ કેમ ન કરતો હોય, તે જગતના નિમિત્ત કારણરૂપ એક ઇશ્વરનો સૂક્ષ્મ વિચાર ગ્રહણ કરી શકે નહી અને એકે-શ્વરવાદીનાં મતમાં સમ્મિલિત થવાની તેની શક્તિ હોવી તો તેથી પણ ઓછી સંભવિત છે. તેમજ તે પોતાની ભાવનાઓ એટલી ખીલવી નહીં શકે તથા તેમને એટલી ઉચ્ચ ગતિ નહીં આપી શકે કે જેથી તે ઇંદ્રિયની નહીં પરંતુ મનનીજ મૂર્તિરૂપ વસ્તુ ઉપર પ્રીતિ રાખી શકે.

તે ઉપરથી સિદ્ધ થાય છે કે જંગલી લોકો હમેશાં મૂર્તિપૂજક હોય છે; અને જેઓ શબ્દ, રૂપ, રસ આદિની ઇંદ્રિયોનાજ માર્ગમાં પોતાની ભાવનાઓ દોડાવે છે. તેઓની માનસિક તથા સાંસારિક સ્થિતિ અધમ હોવી જોઇએ. તેમ હોવાથી મુસલમાનોની હીંદુઓ પ્રત્યેની વલણ માટે કેટલુંક વાજબી કારણ પણ હતું. અરબનો સત્યેશ્વરવાદી હીંદના મૂર્તિપૂજકનો તિરસ્કાર કરતો તે સમયે પણ બ્રાહ્મણ વર્ગજ બુદ્ધિબળમાં સ્પર્દ્ધા રહિત હતો. પરંતુ જનસમૂહ અજ્ઞાન અને વહેમમાં મૂર્તિપૂજાને લીધે ખૂબ ડુબેલો હતો. મૂર્તિપૂજાને લીધે લોકો ઉચ્ચ વિચારોનું પાન કરી શકતા નહોતા, અને ઇંદ્રિયથી પર કોઇપણ વસ્તુ માટે તેઓ પ્રીતિ કે પ્રશંસાની લાગણી ધરાવી શકતા નહોતા. માનસિક વિકાશ ઉપર અંકુશ હતો અને ભાવનાઓ સ્થૂલ થઇ ગઇ હતી. આથી જનસમૂહ સ્વાર્થી થઇ ગયો હતો અને કેવળ વર્તમાન ઉપરજ જોતો હતો. પોતાના શિવાય તેમજ વર્તમાન તથા તરત સમય શિવાયનું બીજું સર્વ તેમને નિર્માલ્ય લાગ્યું. મનુષ્યદયા, ભ્રાતૃભાવ આદિ સામાન્ય સદ્ગુણોનો વિસ્તાર પોતાના ગામની સરહદ સુધીજ હતો, તથા અસ્વાર્થી પ્રીતિ તથા કરૂણા કુટુંબ પરિવાર મંડળની બહાર ધૂમતી બંધ થઇ. જાહેર ફરજ તથા જાહેર જોખમનો પણ ગામની ન્યાતના સાંજનામાંજ સમાવેશ થઇ ગયો. એક શબ્દમાં કહીએ તો અપરોક્ષ (અદ્રશ્ય)-કે જે ઉપર ઋષિઓ આટલું બધું ધ્યાન આપતા-તે મૂર્તિપૂજક માટે અચિન્ત્ય થઇ પડયું, જ્યારે પરોક્ષ (ઇંદ્રિયથી ગ્રાહ્ય)જ સર્વસ્વ થઇ પડયું તે જોતાં જો સુવર્ણજ લોકોની મૂર્તિ થઇ પડી હોય અને લોકો તેની

ધાતુની મૂર્તિ રચવા લાગ્યા હોય તો તેમાં કાંઇ આશ્ચર્ય નહોતું. મૂર્તિ પૂજાથી ઉક્ત પ્રકારનાં ગંભીર નુકસાન થતાં હોવાથી, આર્ય સમાજનું પ્રથમ કર્તવ્ય મૂર્તિપૂજાનું દમન તથા એકેશ્વરપૂજાનું સ્થાપન એ થઇ પડયું. જેટલા જેટલા અંશમાં મૂર્તિપૂજાનો ત્યાગ કરવામાં આવ્યો છે તેટલા તેટલા અંશમાં લોકો માનસિક તેમજ નૈતિક સ્થિતિમાં સુધર્યા છે, અને હીંદના બીજા પરમધર્મીઓ–તે આપણા રાજકર્તાઓ અથવા અન્ય–ની દૃષ્ટિમાં માનને પાત્ર ઠર્યા છે. આનો લાભ એટલો તો સ્પષ્ટ અને નિસ્શંક થયો છે કે જેઓ હજી પણ મૂર્તિપૂજાને વળગી રહ્યા છે તેઓ પણ આ વિષયને ફીલસુફીનું રૂપ આપવા લાગ્યા છે, અને વાકચાતુર્ય કરીને કહે છે કે, હમે કાદવ યા પત્થરની મૂર્તિની પૂજા નથી કરતા, પરંતુ જે ઇશ્વરની તે વસ્તુ પ્રતિનિધિ તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવી છે, અને જેમાં પણ તે વ્યાપક છે, તેની પૂજા તે મૂર્તિદ્વારા હમે કરીએ છીએ ! આ પ્રમાણે મીમાંસકો ( જૂના વિચારવાળાઓ ) એ પણ મૂર્તિપૂજાને ચિહ્ન પૂજાની ચઢીયાતી પદવી આપી છે. એક એવો પણ વખત થોડા અવકાશ પછી આવશે કે જ્યારે આ સ્થૂલ ( concrete ) ચિહ્નોનું સ્થાન સૂક્ષ્મ ( abstract ) વિચારો લેશે.

આર્ય સમાજે કીધેલું બીજું કામ દેશના ઇશ્વરપ્રણીત ધર્મમાં મુખ્ય પ્રમાણ શું છે તેનું તેણે કીધેલું નિરાકરણ છે; જ્યારે પંથો અને પંથીઓ વધ્યા ગયા, ત્યારે તેઓએ ધર્મમાં અચુક પ્રમાણ શાને ગણવું તે વિષે ઘણો મતભેદ ઉભો કીધો છે. શ્રુતિનું પ્રાચીન કાળથી ચાલતું આવેલું પ્રામાણ્ય વિસારી મેલવામાં આવ્યું હતું, અથવા

આધુનિક વિચારદ્વારા તેના અર્થ ઉઠાવવામાં આવ્યા હતા. પ્રાચીન સ્મૃતિ વિસારી મેલવામાં આવી હતી એટલુંજ નહીં પણ તેમાં ગાંડો —અને વારંવાર પરસ્પર વિરૂદ્ધ જાય એવો તથા અનિયમિત-વધારો કરવામાં આવ્યો હતો. નવા ગ્રંથો રચાયા હતા, જે મુખ્ય કરીને સાંપ્રદાયિક હતા, અને તેમાં ધર્મ તથા નીતિનાં તત્વોનો ઘણો સાંકડો અર્થ કરવામાં આવ્યો હતો. બધીજ જાતના ભલા, બુરા તથા દ્વિઅર્થી તેમજ ઉલટાસુલટી ગુંચવાયલાં અને ઠરઠેકાણા વગરના વિચારો દર્શાવનારાં તે સાંપ્રદાયિકોએ રચેલાં પુસ્તકોના ઢગલાબંધ સાહિત્યમાં માણસ જાત માટે ધિક્કાર, સાંપ્રદાયિક ધર્માંધતા, વહેમ આદિ એટલુંજ નહીં પણ વિષયાશક્તિ માટેનાં પ્રમાણો પણ તેમાં શોધતાં તે મળી આવતાં. આને પરિણામે મતમાં કાંઇ મળતાપણું હોવુંજ અશક્ય હતું. સૂક્ષ્મ સામાન્ય વિચારો મનને દોરવતા બંધ પડ્યા. મહાપુરૂષો —જો કોઈ તેવા તેવે સમયે હોય તો—નું વર્તનજ એજ સન્માર્ગ જવાની સૂચનારૂપ અથવા સત્યાસત્યનો નિર્ણય કરવાની વ્યક્તિની એકલી કસોટીરૂપ થઇ પડ્યા હતા. એક કવિએ ઉત્તમ રીતે તેવી બારીકી ભરેલી થઇ પડેલી સ્થિતિનો ચિતાર આપ્યો છે. તે જણાવે છે કે આપણી કમબખ્તી છે કે શ્રુતિ પણ પરસ્પર વિરૂદ્ધ, સ્મૃતિઓ પણ તેથી જુદી પડે છે. માટે વિચારવાન પુરૂષોએ પોતપોતાનું ફાવતું વિચાર કરીને કરી લેવું.

વાસ્તે કરીને આર્યસમાજે બજાવેલી બીજી મોટી સેવા ધર્મના વિષયમાં **સ્વતઃપ્રમાણ તરીકે વેદની પુનઃ સ્થાપના કીધી એ છે.** આ પ્રમાણે આપણને એક ઇશ્વર તથા એક ઇશ્વરપ્રણીત પ્રમાણ

વેદ એ મળ્યાં છે; અને એજ રાષ્ટ્રિય એકતા તથા તેની પરિણામક આબાદીનાં મુખ્ય તત્વ છે.

## સંસાર સુધારો.

આર્ય સમાજનું ત્રીજું મોટું કામ સંસાર સુધારો છે. સંસાર સુધારાનું કામ આપણા દેશમાં સ્વતંત્ર રીતે આગળ ચાલે છે. અને ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિન્દ રાનાડે જેવાં અતિ પ્રતિષ્ટિત નામો તે હીલચાલ સાથે સંયુક્ત છે. બેશક કેટલોક સુધારો થયો છે પરંતુ તે હીલચાલ પાછળ લેવામાં આવતા શ્રમના પ્રમાણમાં તે વધારો ઘણો થોડો છે. ધર્મથી વિયુકત સંસાર સુધારો હીંદુસ્થાનમાં થવો તદ્દન અશક્ય નહીં તો પણ અતિ મુશ્કેલ છે. જો કે હમે સંસાર સુધારકોના પ્રયાસને ઠંડો પાડવા નથી માગતા તો પણ હમારે કહેવું પડે છે કે ધર્મની સહાયતા વિના તેઓ ફતેહમંદ થઇ શકે નહીં. આર્ય સમાજે ધર્મની સહાયતા પ્રથમથીજ લીધી હતી, અને તે અમૂલ્ય સહાયક વડે તેણે ઉતર હીંદુસ્થાનમાં ઘણીજ ફતેહ મેળવી છે. આર્ય સમાજની આ સ્પષ્ટ ફતેહ કેટલાએક અંગ્રેજી કેળવણીનો પ્રસાર માને છે, પણ જો સંસાર સુધારાનું કારણ અંગ્રેજી કેળવણી હોય તો તે બાબતમાં બંગાળ સૌથી અગ્ર આવવું જોઇએ. પરંતુ સંસાર સુધારામાં બંગાળ સૌથી પાછળ છે. વળી અંગ્રેજી શિક્ષણ હજી ઘણું ખરૂં ઉપલાજ વર્ગોમાં ફેલાયું છે. અને તેમના વિચારોની છાપ જનસમૂહ ઉપર પડી નથી. એટલુંજ નહીં પણ સાંસારિક સુધારણાના વિષયમાં સામાન્ય રીતે કેળવાયલા વર્ગોની અંદર નૈતિક ધૈર્ય અર્થાત

પોતાના વિચારનેજ અનુકૂળ વ્યવહારમાં વર્તવાની હીમ્મતમાં ઘણા મોળા હોવાનાં અનેક જાણવાજોગ ઉદાહરણો મળી આવે છે. આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે સંસાર સુધારાના આરંભનું ખરૂં કારણ જનસમૂહની આત્મિક ઉન્નતિ તથા નૈતિક સુધાર છે, અને આર્ય સમાજે ઉત્તર હીંદુસ્થાનમાં તે ફતેહમંદીથી પાર પાડયું છે. તે કારણોથી આર્ય સમાજના કામનો વિસ્તાર જેમ વધારે તેમ સંસાર સુધારાનો વિસ્તાર પણ વધવોજ જોઇએ. એ સત્ય છે કે આર્યસમાજનો ઉપદેશ વ્યવહારથી પણ ઘણો આગળ છે. પરંતુ તેમાં કોઇનો કસુર નથી. મનોભાવનાઓ ( ideals ) વ્યવહારમાં થતાં કાર્યોથી હમેશાં આગળ જતાં રહેવાં જોઇએ, અન્યથા સુધારણાજ થઇ શકશે નહીં. જેમ જેમ આપણે આગળ વધતા જઇએ છીએ તેમ તેમ આપણી મનોભાવનાઓ પણ ઉચ્ચતર પદવીએ પ્રાપ્ત થતી જાય છે, અને તેમ વ્યવહારમાં પણ તે વિચારો પાછળથી ધીમે ધીમે આવતા જાય છે, સંસાર સુધારા જેવી વ્યવહારિક વસ્તુઓ નિરંતર સુધારાને પાત્રજ છે. માત્ર ધાર્મિક મનોભાવનાઓજ સ્થાયી અને અક્ષર છે.

## કેળવણીનો પ્રચાર.

આર્ય સમાજે પાર ઉતારેલું ચોથું સાહસ જ્ઞાનનો પ્રચાર—કેળવણી છે. તેણે ફતેહમંદીથી જ્યાં પણ તે હસ્તીમાં આવી છે ત્યાં શાળાઓ અને કૉલેજો સ્ત્રીઓ તેમજ પુરૂષો માટે સ્થાપી છે. બ્રહ્મચર્યની પ્રાચીન પદ્ધતિનો પુનરૂદ્ધાર કરવા માટે તેણે **ગુરૂકુળોની** સ્થાપના પણ કીધી છે. તેમાંનું એક કેટલાંક વર્ષ થયાં હરદ્વારની સમીપ

કાંગડી ખાતે ગંગા નદીના તટ ઉપર સ્થાપવામાં આવ્યું છે. તથા હાલમાં તો ઘણાંજ ગુરૂકુળો ચાલે છે.

## વેદ પ્રચાર.

આર્ય સમાજનું પાંચમું કાર્ય વેદ પ્રચારાર્થ ઉપદેશકો રાખવાનું છે, અને તે ઘણું કરીને તેનું સૌથી મોટું વ્યવહારીક પરાક્રમ છે. આર્ય સમાજ તરફથી રાખવામાં આવેલા આ ઉપદેશકો લોકોને પવિત્ર ઉત્તમોત્તમ ધાર્મિક વિચારોનું પાન કરાવે છે. તેઓ મનુષ્યના હૃદયમંદિરમાં વસતા સૌથી ઉચ્ચ વિચારોને પ્રદીપ્ત કરે છે, અને દાન તથા જાહેર ઉપયોગનાં પ્રત્યેક કામને ઉત્તેજન આપે છે. આ પ્રચાર કામનું એક ફળ એ નિપજ્યું છે કે, પરધર્મોમાં પતિત થયલા તથા અધોગત જ્ઞાતિઓના હીંદુઓને પાછા વેદ ધર્મમાં પાવન કરવામાં આવ્યા છે. આનો સૌથી તાજો દાખલો પંજાબમાં રહાટીયાઓની કરવામાં આવેલી શુદ્ધિ છે પરંતુ આના સંબંધમાં એ ખાસ યાદ રાખવાની જરૂર છે કે **આર્ય સમાજ એ કાંઇ સંપ્રદાય નથી.** ઉલટું જ્યાંથી પણ જે કાંઇ સત્ય મળે ત્યાંથી તે સત્ય તે હમેશાં ગ્રહણ કરે છે. તે એવાજ સિદ્ધાંતોનો પ્રચાર કરે છે કે જે આખી દુન્યાના મનુષ્યો તેની સાર્વલૌકિકતા તથા સર્વાત્મકતાને લીધે સ્વીકારે છે. ઇસુ ખ્રીસ્તના ઉચ્ચ મનોવિચારોવાળો ખ્રીસ્તી ધર્મ-હાલના ખ્રીસ્તી ધર્મના બુદ્ધિવિરોધી સિદ્ધાંતો નહીં-પણ આર્ય સમાજ એક રીતે સ્વીકારે છે. વળી મુસલમાની ધર્મનો સત્ય ધર્માચારીઓને શાંતિ તથા આનન્દ મળશે એ

સિદ્ધાંત તેમજ ઇશ્વરની ઇચ્છાને આધીન થવાના સિદ્ધાંતને-તરવાર-રથી ધર્મ ફેલાવવાના સિદ્ધાંતને નહીં-પણ આર્ય સમાજ પોતાના જ તરીકે માને છે. બૌદ્ધ ધર્મના આત્મિક શુદ્ધિ રાખવાનો, તથા ઉચ્ચ નૈતિક વર્તન નિષ્કામ વૃત્તિથી ધારણ કરવાના સિદ્ધાંતો તો ખરૂં જોતાં સમાજની મૂર્તિરૂપ વેદમાંથીજ ઉદ્ધૃત કરવામાં આવેલા છે. આ પ્રમાણે આર્ય સમાજ મનુષ્ય જાતિનો સ્વભાવિક સાર્વજનિક ભ્રાતૃત્વ તથા પરમાત્માનાં પિતૃત્વનોજ સિદ્ધાંત માને છે. અને તે કારણથી સૃષ્ટિમાં વસતા સત્યાનુરાગી મનુષ્ય માત્ર-પછી તે રાજા હો વા રૈયત હો, આ દેશના હો કે પરદેશના હો-તરફના ટેકા તથા સહાયતાને પાત્ર છે. મનુષ્યનું દુઃખ નિવૃત્ત કરવા તેણે અનાથાલયો, હૉસ્પીટલો વગેરે પારમાર્થિક ખાતાંઓ પોતાની શક્તિના પ્રમાણમાં સ્થાપ્યાં છે. જો કે આર્યસમાજને વેપાર વણજ સાથે સીધો સંબંધ નથી તોપણ સ્વદેશમાં બનેલી વસ્તુઓના ઉપયોગને તે ઉત્તેજન આપે છે, અને તેના સભાસદો સીધી અથવા આડકતરી રીતે ઘણા ઔદ્યોગીક તથા આર્થિક સાહસોમાં જોડાયલા છે. આર્ય સમાજ પોતે એક નિયમિત બંધારણવાળી સંસ્થા હોવાથી તેણે સંસ્થાની રચના કેવી રીતે કરવી તે વિષે લોકોને એક વ્યાવહારિક પાઠ શીખવ્યો છે એમ કહીએ તો ચાલે, અને તેને પરિણામે અનેક સાંસારીક, ધાર્મિક તથા મિશ્રિત ઉદ્દેશો વાળી મંડળીઓ તથા સભાઓ દેશમાં ઉત્પન્ન થઇ છે, અને આર્ય સમાજનું અનુકરણ કરીને તેઓ પણ દેશનું યથાશક્તિ ભલું કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રમાણે આર્ય સમાજ પ્રજામાં સામાજીક પ્રોત્સાહ ( public

spirit ) ઉત્પન્ન કરવામાં સીધી રીતે સહાયભૂત થઇ પડી છે. તેનેજ પ્રતાપે એકત્ર થઇને કામ કરવાની પ્રવૃત્તિ તથા જાહેર અથવા પારમાર્થિક કાર્ય ખાતર આત્મભોગ આપવાની અભિલાષા ભરેલા વિચારો ઉત્તર હીંદુસ્તાનમાં પ્રદીપ્ત થયા છે. હીંદની ઉન્નતિના સંબંધમાં છેલ્લી ત્રીશીમાં જે કાંઇ બધું થયું છે તે આર્ય સમાજનેજ પ્રતાપે એવું કાંઇ અભિમાન આર્ય સમાજ ધરાવતી નથી. તો પણ એટલું તો આર્ય સમાજ વિષે સલામતીથી કહી શકાય કે જાહેર પ્રજાની આત્મિક, નૈતિક તથા શારીરિક ઉન્નાત અર્થે પોતાની સકળ શક્તિઓ વાપરનાર તેજ મુખ્ય મંડળ છે. અને તેનાં ઘણાંજ સંતોષજનક પરિણામ આવ્યાં છે. જે પણ ઉન્નતિ થઇ છે તેના મોટા ભાગનું માન આર્ય સમાજને ઘટે છે એમ જાહેર પ્રજાની પોતાની તરફથી ઉત્તર હીંદુસ્તાનમાં સ્વીકારવામાં આવ્યું છે.

## રાજદ્વારી વિષયો સંબંધી આર્ય સમાજની શું વૃત્તિ છે?

દેખીતાં કારણોને લીધે આર્ય સમાજ રાજદ્વારી બાબતોમાં વ્યાવહારિક ભાગ લેતી નથી, કારણ કે તે તેના વિષયની બીલકુલ બહાર છે. પરંતુ આર્ય સમાજના સભાસદોનો વધારે મોટો ભાગ આબરૂદાર શેહેરી વર્ગનો હોઇ એક અથવા બીજે રૂપે હીંદીઓ ઉપર ચાલતાં રાજ્યતંત્ર સાથે જોડાયલો હોવાથી, હાલની સરકાર પ્રત્યેની સમાજની વલણ તેણે જાહેર કરવીજ જોઇએ. તે વલણ એજ છે કે સમાજ સરકાર પ્રત્યે સંપૂર્ણ રીતે વફાદાર તથા માન-

પુર્વક છે. તે પ્રચલિત કાયદાઓને શરણુ થનારી, શાંતિ તથા નિયમને ટેકો આપી અશાંતિ તથા અનિયમને દાબી દેવા માટે સહાયતા આપવા તૈયાર છે. પરંતુ તે કોઇ પણ રીતે ખોટી ખુશામત કરવાને ધિક્કારે છે. જો કે તે કાયદા તથા સત્તાને માન આપે છે છતાં તે પોતાના અધિકારોને પણ કદિ ખુંચવી લેવા- દેતી નથી, તથા કાયદાસર રીતે તેનું છે તેનો તે કોઇપણ સંજોગમાં ત્યાગ કરવા લલચાશે નહીં. શાંતિ તથા સુલેહને માટે આર્યસમાજ આટલું કરીને, બીજા હાથ ઉપર તે એવી પણ આશા રાખે છે કે વિચાર તથા કાર્ય કરવાની સ્વતંત્રતાના તેના અધિકારો ઉપર જાહેર પ્રજા અથવા તો ખુદ સરકારી અમલદારો તરફથી અંકુશ મુકવામાં આવે તો સરકાર તે અધિકારોનું રક્ષણ કરશે. સ્વામી દયાનન્દે જાહેર પુરૂષ તરીકેના પોતાના વર્તનથી તેમના અનુયાયીઓ તથા મિત્રોએ કેવી રીતે વર્તન કરવું તે બતાવી આપ્યું હતું. તેમણે આખા દેશમાં સેંકડો સભાઓમાં ભાષણો આપ્યાં હતાં અને તે સભાઓમાં પ્રત્યેક વર્ગના, પંકિતના તથા ચિત્રવિચિત્ર સ્વભાવના લોકો હોવા છતાં કવચિત્ તેઓના મોંમાંથી એક પણ એવો શબ્દ બોલાયલો જણાયો નથી કે જે કાયદા, સુલેહ અથવા બીજાના અધિકારોની કિંચિત્ પણ વિરૂદ્ધ જતો ગણાય. આર્યસમાજ પોતાના મોક્ષાધિકારી આચાર્યના સ્મરણને વફાદાર રહી છે, અને તે પ્રમાણે પોતાનાં જીવન-વર્તનથીજ જે વલણ તેમણે સાક્ષાત્ કીધી હતી તેમાંથી તે જરાપણ પાછી હઠી નથી.

…મી દયાનંદ જેવા મહાન વિચારકે હાલની સરકાર પરદેશી …ાથી તેના જે અનિવાર્ય અલાભ હોવા જોઇએ તે તેમણે જોયા … દેશ તથા સ્વરાજ્યનાં સ્વપ્ન તેમણે સ્વપ્નાવસ્થામાં બીલકુલ …આવ્યાં હોય એમ માનવું ભૂલ ભરેલું છે. સત્ય વાત એ છે કે … સત્ય સ્વદેશભક્ત તરીકે તેઓ પોતાના સ્વદેશ પ્રત્યે નિસ્સીમ …ના તથા વત્સલતા ધરાવતાજ હતા પરંતુ "કર્મ" નો સિદ્ધાંત માનનારા એક ફીલસુફ તત્ત્વવેતાને છાજે તેમ તેમની તે દેશભક્તિ …દ્રષ્ટિ તથા વહેવારૂ ડાહાપણથી રહિત ન હોતાં મિશ્રિત હતી. …ઓ નિશ્ચયપૂર્વક માનતા કે પરમાત્માની ન્યાયી સરકારમાં કોઈને પણ …ામ મળ્યા વિના રહેતોજ નથી. યોગ્યતાની પ્રાપ્તિ વિના મોટી આશા …ાખવી વૃથા છે. સ્વરાજ્યને માટે પ્રથમ પૂર્વમાં અમુક દરજ્જા …ીના માનસિક તથા નૈતિક ખીલવણી તથા ચોક્કસ સંસારી …સ્થા પ્રાપ્ત થવી આવશ્યક છે, અને જ્યાં સુધી હીંદુસ્તાનમાં …ે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સ્વરાજ્યની વાતજ મૂર્ખતા ભરેલી છે. …ાગ કરો અને માનસિક, શારીરિક તથા આત્મિક ઉન્નતિ પ્રાપ્ત …રો. પશ્ચાત તેના ફળ તરીકે પરમાત્મા અવશ્ય તમને એક …ળવંત અને મહાન પ્રજા બનાવશે. હવે આ જો "રાજદ્વારી" (Politics) કહેવાય તો તો સ્વામી દયાનન્દ પણ તેમ હતા અને

આર્યસમાજ છે. પરંતુ સહેજ ઉંડો વિચાર કરવાથી જણાઇ આવ[શે] કે આને વ્યાવહારિક રાજદ્વારી (Practical Politics) સાથે કશો સંબંધ નથી. તેનાથી આર્યસમાજ અત્યારસુધી દૂરજ રહી છે.

## અપીલ

આર્યસમાજની આટલી સંક્ષિપ્ત નોંધ લીધા પછી હવે એક અપીલ—પ્રાર્થના—તરીકે થોડા શબ્દો કહેવાના રહ્યા છે, અને આ ઋષિભૂમિના સમજુ અને સત્ય પુત્રો તે ઉપર વિચાર કરશે એવી આશા છે. આર્ય સમાજનો ઉદ્દેશ સામાન્ય રીતે આખા જગતનાં અને ખાસ કરીને આર્યાવર્તનાં કલ્યાણ—આત્મિક તથા સાંસારિક—ની વૃદ્ધિ કરવાનો છે. કારણ તેથી સર્વે ઉદારચિત્ત સ્ત્રી પુરૂષોનો યથાશકિત કોઇ પણ પ્રકારે આર્ય સમાજને સહાયતા કરવાનો પવિત્ર ધર્મ છે. રાજકર્તાઓ અને અમીરો, શેઠીઆઓ અને મહાન વેપારીઓ તેને ધનની સહાયતા કરી શકે. વિદ્વાનો તેને પોતાની વિદ્યાનો ટેકો આપી શકે અને જેઓ ઉપદેશકનું કામ કરી શકે તેઓએ ભ્રમણ કરીને ઉપદેશ કરવો જોઇએ. આર્ય સમાજનું કામ તેજ **સત્યનું** કામ છે. તે માત્ર ધર્મમાં પવિત્રતા આણવા, નીતિમાં સુધારો કરવા તથા સંપત્તિની વૃદ્ધિ કરવા ચહાય છે. ટુંકામાં કહીએ તો આર્ય સમાજનું કામ તે ખાસ કરીને

ફીંદનો તથા સામાન્ય કરીને મનુષ્ય માત્રનો ઉત્કર્ષ કરવાનું છે. આર્ય સમાજના મુખ્યાચાર્ય સ્વામી દયાનંદ સરસ્વતીના અમર આત્મા તેના નેતાઓ તથા કાર્યકર્તાઓ સર્વે આપણે આ ઋષિભૂમિની નિખ્યાતિનો પુનરૂદ્ધાર કરવા માટે અને તે રીતે પુનઃ દેશમાં સમૃદ્ધિ, સુખ તથા શાંતિનુ સામ્રાજ્ય પ્રસરાવવાના કાર્યને સહાયતા આપવાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે છે. **આર્યસમાજના વિજયમાંજ સ્વદેશભકતોનાં સ્વપ્નોનું સાફલ્ય સમાયું છે.** તેની ફત્તેહ-માંજ પ્રાણિદયાના હીમાયતની ફત્તેહ સમાયલી છે. તેની સફળતાને પરિણામેજ પ્રજાના કાર્યમાં નીતિનું તત્વ વ્યાપક થઇ પડશે. તે કારણથી હે આર્ય સંતાનો! આર્ય સમાજને સહાયતા કરો, સહાયતા કરો. સત્યપથગામી આર્ય સમાજને સહાયતા કરવાને પરિણામે તમે આલોકમાં પરમાત્માના ઉત્કૃષ્ટ આશીર્વાદના ભાગી થાઓ તથા પરલોકમાં મોક્ષના પાત્ર થાઓ! ઇતિ.—

# ओ३म्.

## આર્ય સમાજના નિયમ.

૧. સત્ર સત્યવિદ્યા અને જે પદાર્થ વિદ્યાર્થી જણાય છે, તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર સર્વશકિતમાન ન્યાયકારી. દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્ત્તા છે. એનીજ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવું અને સાંભળવું સંભળાવવું સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્ય ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવું જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આર્ય સમાજનો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રિતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯ પ્રત્યેકે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ, કિંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦ સર્વ મનુષ્યોએ સામાજિક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.